| કુલ ગુણ | 100 |
|---|---|

# SRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 2

**પરીક્ષાની તારીખ : ૨૧/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : બપોરે ૧૫:૦૦ થી ૧૭:૦૦**

| કેટેગરી |
|---|
| A |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SRCL
PAPER-2
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉહાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) સિનિયર ક્લાર્કનો એન્ટ્રી લેવલ મૂળ પગાર કેટલો થાય ?

(A) રૂા. 19,900/- (B) રૂા. 21,700/-

(C) રૂા. 25,500/- (D) રૂા. 29,200/-

(2) જુનિયર ક્લાર્કની નોકરીમાં હાજર થયા બાદ સામાન્ય સંજોગોમાં ત્રીજા વર્ષે મૂળ પગાર કેટલો થાય ?

(A) રૂા. 20,500/- (B) રૂા. 21,100/-

(C) રૂા. 22,400/- (D) રૂા. 23,100/-

(3) સાતમા પગારપંચ મુજબ નિયમિત પગાર ધોરણમાં સમાવેલ કોઈ પણ કર્મચારીનો ઓછામાં ઓછો મૂળ પગાર કેટલો થાય ?

(A) રૂા. 17,000/- (B) રૂા. 18,000/-

(C) રૂા. 19,900/- (D) રૂા. 21,700/-

(4) પગાર અને ગ્રેડ-પે મુજબ ચૂકવાતા પગાર ધોરણના અનુસંધાને મહત્તમ ગ્રેડ-પે કેટલો છે ?

(A) રૂા. 8,900/- (B) રૂા. 9,000/-

(C) રૂા. 10,000/- (D) રૂા. 11,000/-

(5) નીચેનામાંથી કયા વિકલ્પને સામાન્ય સંજોગોમાં ફરજનો સમય તરીકે ગણાશે નહીં.

(A) અજમાયશી તરીકેની નોકરી

(B) તાલિમ માટે પસાર કરેલ સમય

(C) સેવા સબંધિત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પસાર કરેલ સમય

(D) કપાત પગારે ભોગવેલ રજાનો સમયગાળો

(6) અનુદાનિત શાળાના કર્મચારી પગારબિલ માહિતીનું નિયમન કરતું સૉફ્ટવેર / એજન્સી કઈ છે ?

(A) iNDEXTb (B) IFMS

(C) PFMS (D) ઉપર પૈકી એક પણ નહિ

(7) ઘર ભાડા ભથ્થાના સુધારેલ દર નાણા વિભાગની કઈ તારીખના ઠરાવથી પ્રસિદ્ધ કરવામાં આવલ છે ?

(A) તા. 24-09-2022 (B) તા. 01-05-2022

(C) તા. 31-10-2022 (D) તા. 25-08-2022

(8) તબીબી ભથ્થામાં છેલ્લા સુધારા બાદ પે-મેટ્રીક્સના લેવલ-12 ના અધિકારીને માસિક કેટલા રૂપિયાનું તબીબી ભથ્થું મળવાપાત્ર થાય ?

(A) રૂા. 1,000/- (B) રૂા. 2,000/- (C) રૂા. 5,000/- (D) રૂા. 10,000/-

(9) શહેરોના X, Y. Z કેટેગરીમાં વર્ગીકરણ બાદ વાહન ભથ્થું ચૂકવા અર્થે શહેરોની કેટલી કેટેગરીમાં વિભાજીત કરવામાં આવેલ છે ?

(A) બે કેટેગરી (B) ત્રણ કેટેગરી

(C) ત્રણ કેટેગરી અને બે ઉપકેટેગરી (D) આવી કોઈ કેટેગરી નક્કી કરવામાં આવેલ નથી.

(10) અમદાવાદ નગરપાલિકા વિસ્તારની અનુદાનિત મા. શાળામાં નિમણૂક પામનાર કનિયાન કારકુનને પગાર બિલમાં માસિક સ્થાનિક વળતર ભથ્થું કેટલા રૂપિયા મળવાપાત્ર થાય ? (નિયમિત પગાર ધોરણમાં સમાવ્યા બાદ)

(A) રૂા. 140/- (B) રૂા. 170/- (C) રૂા. 220/- (D) રૂા. 270/-

(11) હાલમાં પગારબિલે ચૂકવાતી મોંઘવારીનો દર નાણા વિભાગના કઈ તારીખના ઠરાવથી નિયત થયેલ છે ?

(A) તા. 01-01-2024 (B) તા. 01-04-2024

(C) તા. 04-07-2024 (D) તા. 01-08-2024

(12) જૂથ વિમા યોજના અંતર્ગત "ગ" જૂથના કર્મચારીને વિમા રક્ષણની કેટલી રકમ મળવાપાત્ર થાય ?

(A) રૂા. 2,50,000/- (B) રૂા. 5,00,000/- (C) રૂા. 7,50,000/- (D) રૂા. 10,00,000/-

(13) કોઈ કર્મચારી રજાના દિવસે ફરજ ઉપર 3 કલાક 45 મિનિટ સુધી કામગીરી કરે છે તો તેને કેટલી વળતર રજા મળવાપાત્ર થાય ?

(A) કોઈ વળતર રજા ન મળે (B) $^1/_2$ દિવસ (અડધો દિવસ)

(C) 1 દિવસ (D) 2 દિવસ

(14) પિતૃત્વ રજાનો લાભ પુરૂષ કર્મચારીને ક્યારથી મળી શકે ? (વહેલામાં વહેલા ક્યારથી મળી શકે ?)

(A) પત્નીની પ્રસૂતિના 15 દિવસ અગાઉથી

(B) પત્નીની પ્રસૂતિના દિવસથી જ મળી શકે.

(C) પત્નીના પ્રસૂતિના બીજા દિવસથી જ મળી શકે.

(D) પત્નીના પ્રસૂતિના એક સપ્તાહ બાદથી મળી શકે.

(15) માતૃત્વની રજા સંદર્ભે કયો વિકલ્પ ખોટો છે ?

(A) સ્ત્રી કર્મચારી નોકરીમાં જોડાયાના બીજા દિવસથી પૂરા પગાર સાથે માતૃત્વની રજા ભોગવી શકશે.

(B) નિયમિત નિમણૂકના આદેશ વખતે માતૃત્વની રજાઓ જેટલો સમયગાળો લંબાવવામાં આવશે.

(C) કુલ 180 દિવસની મર્યાદામાં માતૃત્વની રજા મળવાપાત્ર થશે.

(D) બે થી વધુ બાળકો હયાત હોય તો માતૃત્વની રજા મળવાપાત્ર નથી.

(16) સમગ્ર નોકરી દરમિયાન વધુમાં વધુ કેટલી અસાધારણ રજાઓ મંજૂર કરી શકાશે ?

(A) 300 દિવસ (B) 1 વર્ષ (C) 36 માસ (D) 365 દિવસ

(17) અજમાયશી ધોરણે ફરજ બજાવતા કર્મચારીને મળવાપાત્ર રજાઓ સંદર્ભે સામાન્ય સંજોગોમાં કયો વિકલ્પ સાચો છે ?

(A) અજમાયશી કર્મચારીને માત્ર પરચૂરણ રજાઓ જ મળે.

(B) ખાતાના વડા વધારાની પરચૂરણ રજાઓ મંજૂર કરી શકે.

(C) પૂરા પગાર સહિત વાર્ષિક 30 મેડીકલ રજાઓ મળે.

(D) કાયમી ધોરણે જગ્યા ધારણ કરતા કર્મચારીની જેમ જ રજાઓ મળે.

(18) નિવૃત્તિ સમયે રજાનું રોકડ રૂપાંતર ચૂકવણી સમયે કયા ભથ્થાને ધ્યાને લેવામાં આવતું નથી ?

(A) મૂળ પગાર (B) નોન-પ્રેક્ટીસીંગ ભથ્થું

(C) તબિબી ભથ્થું (D) મોંઘવારી ભથ્થું

(19) કસુવાવડ કે ગર્ભપાતના કિસ્સામાં સ્ત્રી કર્મચારી માટે રજાનો કયો વિકલ્પ ખોટો છે ?

(A) સમગ્ર નોકીર દરમિયાન 45 દિવસ કરતાં વધુ રજા મંજૂર ન થાય.

(B) ગર્ભપાતના કિસ્સામાં પ્રસૂતિની રજા મળી શકે નહિ.

(C) તબીબી પ્રમાણપત્ર આધારે સાત દિવસની પ્રસૂતિની રજા મંજૂર થાય.

(D) ગર્ભપાતના કિસ્સામાં પ્રસૂતિની રજા પાંચ વર્ષમાં ફક્ત બે વાર મંજૂર કરી શકાય.

(20) અભ્યાસ રજાના સંદર્ભમાં કયો વિકલ્પ ખોટો છે ?

(A) સળંગ 12 માસની રજા મંજૂર કરી શકાય.

(B) સમગ્ર નોકીરમાં 24 માસની રજા મળવાપાત્ર થાય.

(C) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આ રજાઓ મંજૂર કરી શકે.

(D) આ રજાઓ અન્ય પ્રકારની રજાઓ સાથે જોડી શકાશે.

(21) પેન્શન પાછુ ખેચી લેવા કે મોકુફ રાખવાના સરકારના અધિકાર સબંધિત કયો વિકલ્પ ખોટો છે ?

(A) પેન્શનરે કરેલ ગંભીર ગેરવર્તણૂક બદલ થઈ શકે.

(B) ખાતાકીય કે અદાલતી કાર્યવાહીમાં કસુરવાર જણાય ત્યારે થઈ શકે.

(C) આવો નિર્ણય કરતાં પૂર્વ GPSC નો પરામર્શ કરવો જરૂરી છે.

(D) આવા કિસ્સામાં પેન્શનરને વિશેષ ભથ્થું ચૂકવવામાં આવે છે.

(22) વયનિવૃત્ત થનાર કર્મચારીની ખાતાકીય તપાસ / અદાલતી કાર્યવાહી ચાલુ હોય ત્યારે કયો વિકલ્પ સાચો છે ?

(A) કામચલાઉ પેશન્ન મંજૂર થાય. (B) કોઈ પેન્શન મળવાપાત્ર નથી.

(C) નિર્વાહભથ્થું મળવાપાત્ર થાય. (D) ખાસ પેન્શન મંજૂર થાય.

(23) પેન્શનપાત્ર સેવામાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) રાજીનામા કે બરતરફી પહેલાની નોકરી (B) અજમાયશી સમયગાળાની નોકરી

(C) નોકરીના બે ગાળા વચ્ચેની તૂટનો સમય (D) આકસ્મિક ખર્ચમાંથી પગાર ચૂકવાતો હોય તેવી નોકરી

(24) પેન્શનપાત્ર પગાર એટલે.....

(A) નોકરીના છેલ્લા માસનો પગાર

(B) નોકરીના છેલ્લા પાંચ વર્ષના પગારની સરેરાશ

(C) નોકરીના છેલ્લા દસ માસ દરમિયાન મળેલ પગારની સરાસરી

(D) સમગ્ર નોકરી દરમિયાન મળેલ પગારની સરાસરી

(25) નીચેના પૈકી કયો પેન્શનનો પ્રકાર નથી ?

(A) ખાસ પેન્શન (B) અશક્તા પેન્શ (C) વય-નિવૃત્તિ પેન્શન (D) રહેમિયત પેન્શન

(26) રહેમિયત પેન્શનના કિસ્સામાં કયો વિકલ્પ ખોટો છે ?

(A) બિન કાર્યક્ષમતાના કારણોસર નિવૃત્ત કરવામાં આવે ત્યારે

(B) ગેરવર્તણૂકના કારણોસર નિવૃત્ત કરવામાં આવે ત્યારે

(C) રહેમિયત પેન્શનની રકમ સરકાર નક્કી કરે છે.

(D) કચેરીના વડા ઇચ્છે તો પેન્શનમાં વધારો કરી અન્ય લાભો આપી શકે.

(27) NPS હેઠળના કર્મચારીઓને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઇટી ચૂકવવા માટેની વિગતવાર સૂચનાઓ કઈ તારીખના ઠરાવથી પ્રસિધ્ધ થયેલ છે ?

(A) તા. 31-08-2018 (B) તા. 01-04-2019

(C) તા. 31-03-2018 (D) તા. 25-03-2019

(28) NPS ખાતા ધારકોને ફંડ અને રોકાણની પદ્ધતિ પસંદગી કરવાની સૂચનાઓ નાણા વિભાગના કઈ તારીખના પરિપત્રથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે ?

(A) તા. 28-05-2023 (B) તા. 01-04-2023 (C) તા. 13-05-2024 (D) તા. 01-04-2024

(29) LTC હેતુસર પેશગી મેળવેલ હોય તો મુસાફરી પૂર્ણ થયા બાદ એક માસમાં બિલ રજૂ કરવામાં ન આવે તો કેટલા ટકા વ્યાજ વસૂલવાપાત્ર થાય છે ?

(A) 1 % (B) 1.5 % (C) 2 % (D) 2.5 %

(30) સામાન્ય સંજોગોમાં LTC યોજનાનો લાભ મેલવવા કોણ હક્કદાર છે ?

(A) જેમને આકસ્મિક ખર્ચમાંથી પગાર ચુકવાતો હોય.

(B) એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી ન હોય તેવા સરકારી કર્મચારી

(C) અજમાયશી સમયગાળો પૂર્ણ કરેલ હોય તેવા કર્મચારી

(D) કરાર આધારિત નિમણૂક મેળવતા કર્મચારી

(31) LTC યોજનામાં પ્રાપ્ત રજાના રોકડમાં રૂપાંતર બાબતે કયુ વિધાન ખોટું છે ?

(A) કોઈ પણ બ્લોક દરમિયાન 10 દિવસથી ઓછી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાશે.

(B) સમગ્ર નોકરી દરમિયાન વધુમાં વધુ 60 દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાશે.

(C) પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય તેવા કિસ્સામાં આ લાભ કોઈ એક વ્યક્તિ ને જ મળી શકશે.

(D) રોકડમાં રૂપાંતર કરેલ રજાઓ નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવાના મળવાપાત્ર પ્રાપ્ત રજાઓમાંથી બાદ કરવાનો રહેશે નહિ.

(32) LTC યોજનામાં થનાર અંદાજીત ખર્ચના કેટલા ટકા એડવાન્સ / પેશગી મળી શકે ?

(A) 70 % (B) 80 %

(C) 100 % (D) આવી કોઈ જોગવાઈ નથી.

(33) તદ્દન અપંગ (પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા) કર્મચારી LTC યોજનામાં આવવા - જવાના કેટલા કિ.મી.ની મર્યાદમાં લાભ મેળવી શકશે ?

(A) 3000 કિ.મી. (B) 4500 કિ.મી.

(C) 6000 કિ.મી. (D) અંતરની કોઈ મર્યાદા નથી.

(34) LTC હેતુસર કુટુંબની વ્યાખ્યામાં કોનો સમાવેશ થાય છે ?

(A) દત્તક લીધેલ ઔરસ બાળક (B) કર્મચારીની એક કરતા વધુ પત્ની

(C) સરકારી નોકીર કરતી કર્મચારીની બહેન (D) માસિક રૂા. 750/- પેન્શન મેળવતા કર્મચારીના પિતા

(35) અંતિમ સુધારા મુજબ LTC હેતુસર 10 દિવસના રજા રોકડ રૂપાંતરમાં શાનો આધાર લેવામાં આવે છે ?

(A) માત્ર પગાર (B) પગાર અને મોંઘવારી

(C) પગાર, ગ્રેડ-પે અને મોંઘવારી (D) પગાર અને ગ્રેડ-પે

(36) હાયર લેવલ ખાતાકીય પરીક્ષા આપતા કર્મચારીને LTC હેતુસર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના કયા વર્ગમાં મુસાફરી કરવાની પાત્રતા મળે છે ?

(A) એક્ઝીક્યુટીવ ક્લાસ (B) એ.સી. ચેર કાર

(C) એ.સી. થ્રી ટાયર સ્લીપર (D) રેલવેના સેકન્ડ સ્લીપર

(37) LTC યોજનામાં હવાઈ પ્રવાસની પાત્રતા ન ધરાવતા કર્મચારી હવાઈ મુસાફરી કરે તેવા કિસ્સામાં નીચેના પૈકી કયુ વિધાન સાચું છે ?

(A) બિલની સાથે ટીકીટ તેમજ બોર્ડીંગ પાસ રજૂ કરવાના રહેશે.

(B) પાત્રતા ન ધરાવતા કર્મચારી હવાઈ મુસાફરી ન કરી શકે.

(C) માત્ર રાષ્ટ્રીય વિમાન સેવા દ્વારા હવાઈ મુસાફરી કરી શકે.

(D) હવાઈ મુસાફરીનું ખરેખર ખર્ચ અને મળવાપાત્ર ST બસ ભાડું બંનેમાંથી જે ઓછું હશે તે મળવાપાત્ર થાય.

(38) LTC યોજનામાં આંદામાન, નિકોબાર અથવા લક્ષદ્વીપ ટાપુના પ્રવાસ દરમિયાન મર્યાદા કરાતં કિ.મી. વધી જતા હોય તો કઈ મુસાફરીના ભાડા મુજબ કપાત કરવાની થાય ?

(A) રેલવે મુસાફરી

(B) હવાઈ મુસાફરી

(C) સ્ટીમર મુસાફરી

(D) ઉપરોક્ત ત્રણેય પૈકી જેનું ભાડું ઓછું હોય તેમાંથી કપાત કરવું

(39) કુલ 4 પ્રશ્નપત્રોની ખાતાકીય પરીક્ષામાં પેપર દીઠ મળેલ ગુણ નીચેના વિકલ્પોમાં દર્શાવેલ છે. કયા વિકલ્પમાં કૃપા ગુણ આપવામાં આવશે ?

(A) પેપર 1 -50 પેપર 3 - 52
પેપર 2 -51 પેપર 4 - 46

(B) પેપર 1 -52 પેપર 3 - 47
પેપર 2 -50 પેપર 4 - 45

(C) પેપર 1 -50 પેપર 3 - 52
પેપર 2 -51 પેપર 4 - 53

(D) પેપર 1 -49 પેપર 3 - 50
પેપર 2 -49 પેપર 4 - 49

(40) શ્રેયાન કારકુનને દ્વિતીય ઉ.પ.ધો./મુખ્ય કારકુનમાં બઢતી મળતાં પે-મેટ્રીક્સના કયા લેવલ મુજબ પગાર મળશે ?

(A) લેવલ - 5 (B) લેવલ - 6

(C) લેવલ - 7 (D) લેવલ - 8

(41) અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા 1251 હોય તો કુલ કેટલા કારકુન મળવાપાત્ર થાય ?

(A) 02 (B) 03 (C) 04 (D) 05

(42) અનુદાનિત શાળાના વિદ્યાર્થીઓની સખ્યા 2001 હોય તો આઉટ સોર્સિંગ એજન્સી મારફત કેટલા શ્રમયોગી મળવાની જોગવાઈ છે ?

(A) 04 (B) 05 (C) 06 (D) 08

(43) ઉચ્ચક નાણાંકીય સહાય કયા કિસ્સામાં મળવાપાત્ર થાય ? ચાલુ ફરજ દરમિયાન અવસાન પામનાર.....

(i) વર્ગ - 1

(ii) વર્ગ - 2

(iii) વર્ગ - 3

(iv) વર્ગ - 4

(A) (i) અને (ii) (B) (i) અને (iii)

(C) (iii) અને (iv) (D) (i), (ii), (iii) અને (iv)

(44) ઉચ્ચક નાણાંકીય સહાય યોજનામાં કેટલી રકમ મળવાપાત્ર થાય છે ?

(A) રૂા. 4,00,000/- (B) રૂા. 7,00,000/-

(C) રૂા. 8,00,000/- (D) રૂા. 14,00,000/-

(45) શિક્ષણ વિભાગના કઈ તારીખના ઠરાવથી વિદ્યા દીપ યોજના અમલમાં આવી ?

(A) તા. 26-01-2001 (B) તા. 01-04-2001

(C) તા. 15-03-2002 (D) તા. 01-04-2002

(46) કયા પ્રકારના અવસાન / મૃત્યુમાં વિદ્યા દીપ યોજનાનો લાભ મળવાપાત્ર નથી ?

(A) આત્મહત્યા (B) આકસ્મિક આગ

(C) પાણીમાં ડૂબી જવું (D) કુતરાં કરડવાથી મૃત્યુ

(47) NMMS યોજના કોના દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે ?

(A) સમગ્ર શિક્ષા (B) શિક્ષણ વિભાગ (ગુ.રા.)

(C) રાજય પરીક્ષા બૉર્ડ (D) શિક્ષા મંત્રાલય, ભારત સરકાર

(48) NMMS પરીક્ષા બાદ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ સંબંધે કયો વિકલ્પ અયોગ્ય છે ?

(A) માસિક રૂા. 1000/- શિષ્યવૃત્તિ મળે છે.

(B) વાર્ષિક રૂા. 12,000/- શિષ્યવૃત્તિ મળે છે.

(C) ધોરણ 8 થી 12 સુધી પાંચ વર્ષ સુધી શિષ્યવૃત્તિ મળે છે.

(D) રાજ્યના કુલ 5097 વિદ્યાર્થીઓને લાભ મળી શકે છે.

(49) નીચેના પૈકી કોણ NMMS ના આવેદનપત્ર ભરી શકશે ?

(A) સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો ધોરણ - 7 નો વિદ્યાર્થી

(B) જવાહર નવોદય વિદ્યાલયમાં અભ્યાસ કરતો ધોરણ - 8 નો વિદ્યાર્થી

(C) ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળામાં ધોરણ - 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(D) સેલ્ફ ફાઈનાન્સ પ્રાથમિક શાળામાં ધોરણ - 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(50) NMMS પરીક્ષાની શૈક્ષણિક યોગ્યતા કસોટીમાં કયા વિષયનો સમાવેશ થતો નથી ?

(A) અંગ્રેજી (B) ગણિત (C) વિજ્ઞાન (D) સામાજિક વિજ્ઞાન

(51) NMMS પરીક્ષા કયા માધ્યમમાં લેવાય છે ?

(i) અંગ્રેજી

(ii) ગુજરાતી

(iii) હિન્દી

(A) (i) અને (ii) (B) (i) અને (iii) (C) (ii) અને (iii) (D) (i), (ii) અને (iii)

(52) NMMS યોજનાના લાભાર્થી વિદ્યાર્થીએ ઓનલાઈન ભરેલ આવેદનપત્ર સાથે નીચેના પૈકી કયો દસ્તાવેજ જોડવાનો રહેશે નહિ.

(A) ફી ભર્યાનું ચલમ (SEB કોળ) (B) વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ

(C) ધોરણ - 7 ની માર્કશીટ (D) શાળઆ છોડ્યાનું પ્રમાણપત્ર (LC)

(53) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા નીચેના પૈકી કયો વિદ્યાર્થી આપી શકશે નહિ ?

(A) લોકલ બોડીની શાળામાં ધોરણ 6 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(B) સ્વ-નિર્ભર પ્રાથમિક શાળામાં ધોરણ 6 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(C) ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળામાં ધોરણ 6 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(D) ધોરણ 5 માં 45% ગુણ મેળવેલ વિદ્યાર્થી

(54) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા નીચેના પૈકી કયો વિદ્યાર્થી આપી શકશે ?

(A) સરકારી શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(B) લોકલ બોડીની શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(C) સ્વ-નિર્ભર શાળામાં ધોરણ 9 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(D) ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં ધોરણ 8 માં અભ્યાસ કરતો વિદ્યાર્થી

(55) પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા બાબતે ક્યો વિકલ્પ ખોટો છે ?

(A) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ 1 થી 5 સુધીનો રહેશે.

(B) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ 6 થી 8 સુધીનો રહેશે.

(C) આ પરીક્ષાના પ્રશ્નપત્રોનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે.

(D) આ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

(56) પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા પ્રશ્નપત્ર ઢાંચો તથા પરીક્ષા ફી બાબતે કયો વિકલ્પ ખોટો છે ?

(A) ભાષા-સામાન્ય જ્ઞાન - 100 ગુણ

(B) ગણિત-વિજ્ઞાન - 100 ગુણ

(C) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ફી - 50 રૂા.

(D) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ફી - 100 રૂા.

(57) પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના સંચાલન બાબતે કયો વિકલ્પ સાચો છે ?

(A) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા બંને પરીક્ષાનું સંચાલન DPEO કરશે.

(B) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા બંને પરીક્ષાનું સંચાલન DEO કરશે.

(C) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સંચાલન DPEO તથા માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સંચાલન હસ્તક રહેશે.

(D) પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા બંને પરીક્ષાનું સંચાલન કલેક્ટરશ્રી કરશે.

(58) શાળા છોડ્યા અંગેનું પ્રમામપત્ર અરજી મળ્યા બાદ કટેલા દિવસમાં કાઢી આપવું જોઈએ ?

(A) 01 દિવસ (B) 03 દિવસ (C) 07 દિવસ (D) 10 દિવસ

(59) શાળા છોડ્યા બાદ કેટલા વર્ષની અંદર શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માંગવામાં આવે તો કોઈ ફી લઈ શકાય નહીં ?

(A) 01 વર્ષ (B) 02 વર્ષ (C) 03 વર્ષ (D) 05 વર્ષ

(60) કોઈ વિદ્યાર્થી શાળા છોડ્યા બાદ 17 વર્ષ પછી શાળા છોડ્યાનું પ્રમાણપત્ર લેવા આવે તો શું કાર્યવાહી કરવાની થાય ?

(A) રૂા. 5/- લઈ આપીશકાય.

(B) કોઈ ફી લઈ શકાય નહિ, LC આપવું ડે.

(C) આટલા લાંબા સમય બાદ LC આપી શકાય નહિ.

(D) જિલ્લા કક્ષાના અધિકારીની પરવાનગી મેળવી આપવી શકાય.

(61) ધાર્મિક શિક્ષણ બાબતે કયો વિકલ્પ ખોટો છે ?

(A) સંપૂર્ણપણે રાજ્યતના નાણાંમાંથી ચાલતી શાળામાં ધાર્મિક શિક્ષણ આપી શકાય નહિ.

(B) ધાર્મિક શિક્ષણ માટેના સમયનો અભ્યાસક્રમના સમયમાં સમાવેશ ન કરવો.

(C) ધાર્મિક શિક્ષણ આપવાની શરતે સ્થપાયેલ ટ્રસ્ટ સંચાલિત શાળામાં આપીશકાય.

(D) ધાર્મિક શિક્ષણ આપતી શાળાના વિદ્યાર્થીઓના વાલીની સંમતિ જરૂરી નથી.

(62) શાળાના વિદ્યાર્થીઓની દર કેટલા વર્ષે નિયમસરની દાક્તરી તપાસ કરાવવી જોઈએ ?

(A) દર વર્ષે

(B) દર બે વર્ષે

(C) પ્રત્યેક સત્રમાં એક વખત

(D) આવી કોઈ જોગવાઈ નથી, અનુકૂળતા મુજબ કરી શકાય

(63) શાળાના વિદ્યાર્થીઓના વજન - ઉંચાઈના માપ કેટલા સમયે શિક્ષકો દ્વારા લેવા નોંધવા જોઈએ ?

(A) ઓછામાં ઓછા દર છ માસે

(B) વર્ષમાં એક વખત

(C) બે વર્ષે એક વખત

(D) આવી કોઈ જોગવાઈ નથી, અનુકૂળતા મુજબ કરી શકાય.

(64) ફી ના નિયત દરોથી 50 % કરતાં વધુ ફી લેવાનું શાળા નક્કી કરે તો કયો વિકલ્પ સાચો છે ?

(A) નિયત દરથી વધુ ફી લઈ શકાય નહિ.

(B) સંચાલક મંડળ શાળાને આ બાબતે મંજૂરી આપી શકે.

(C) જિલ્લા શિક્ષણાધિકારી આ બાબતે મંજૂરી આપી શકે.

(D) શિક્ષણ નિયામક આ બાબતે મંજૂરી આપી શકે.

(65) શાળામાં કાર્યરત કર્મચારીઓના બાળકો તે જ શાળામાં અભ્યાસ કરતા હોય તો શાળાની ફી બાબતે કયો વિકલ્પ સાચો છે ?

(A) ફી માફી આપવી પડે

(B) નિયત દરે ફી ચૂકવવી પડે

(C) નિયત દર કરતાં અડધી ફી ચૂકવવી પડે.

(D) આવા સંજોગોમાં સરકારશ્રી તરફથી નિયત ફી ચૂકવવામાં આવે છે.

(66) શાળામાં વેકેશનો સહિત વધુમાં વધુ રજાઓની સંખ્યા કેટલા દિવસોથી વધવી જોઈએ નહીં ?

(A) 70 દિવસ (B) 75 દિવસ (C) 80 દિવસ (D) 85 દિવસ

(67) એક વર્ષ કરતાં વધુ શાળાને પાળી પદ્ધતિમાં ચલાવતા પૂર્વે કોની પરવાનગી મેળવવી જરૂરી છે ?

(A) શાળા સંચાલક મંડળ (B) જિલ્લા શિક્ષણાધિકારી

(C) વિદ્યાર્થીઓના વાલીઓની (D) શિક્ષણ નિયામક

(68) સત્ર ફી ભર્યા પછી કેટલા સમયમાં વિદ્યાર્થી શાળા છોડી જાય તો ભરેલી સત્ર-ફી પરત મેળવવા હક્કદાર થાય ?

(A) એક સપ્તાહ (B) એક મહિનો

(C) બે મહિના (D) ત્રણ મહિના

(69) અનુદાનિત માધ્યમિક શાળાઓમાં પટાવાળાઓને બઢતી મળવા બાબતે કયો વિકલ્પ ખોટો છે ?

(A) કાર્યરત પટાવાળા કારકુન થવાની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(B) ઓછામાં ઓછી ત્રણ વર્ષની સળંગ નોકરી કરેલી હોવી જોઈએ.

(C) જગ્યા ઉપલબ્ધ થયેથી 90 દિવસમાં બઢતીની દરખાસ્ત કરવી.

(D) સંચાલક મંડળ કોઈ પણ સમયે પ્રમોશન આપી શકે છે.

(70) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઇઝરની નિમણૂક બાબતે કયો વિકલ્પ સાચો છે ?

(A) 5 વર્ગની શાળામાં એક સુપરવાઇઝરની નિમણૂક કરવી.

(B) 20 વર્ગનીશાળામાં બે સુપરવાઇઝરની નિમણૂક કરવી.

(C) 30 વર્ગની શાળામાં ત્રણ સુપરવાઇઝરની નિમમૂક કરવી.

(D) માધ્યમિક અને ઉ.મા. વિભાગમાં સુપરવાઇઝરની નિમણૂક અલગ-અલગ કરવી.

(71) શાળાના વડાઓની નિમણૂક બાબતે કયો વિકલ્પ ખોટો છે ?

(A) છોકરીઓ માટેની શાળામાં આચાર્ય તરીકે સ્ત્રીની જ નિમણૂક કરવી.

(B) શાળાના વડા પાંચ વર્ષના અનુભવી તાલીમી સ્નાતક હોવા જોઈએ.

(C) સંચાલક મંડળોએ શાળાના વડાને એક વર્ષના અજમાયશી પર નીમવાના રહેશે.

(D) આચાર્યની લાયકાત / અનુભવમાં શિક્ષણ નિયામક છૂટછાટ આપી શકશે.

(72) શાળાના શિક્ષક વિરુદ્ધ તપાસ અર્થે રચાયેલ તપાસ સમિતિમાં નીચેના પૈકી કયા સભ્યનો સમાવેશ થશે નહીં ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા નિયુક્ત એક સરકારી કર્મચારી

(B) સબંધિત શાળાનાવડા

(C) કાર્યવાહક અથવા વહીવટી સમિતિના સભ્યોમાંથી સંચાલક મંડળે નિયુક્ત કરેલ વ્યક્તિ

(D) સબંધિત કર્મચારી નિયુક્ત કરેલ શિક્ષણમાં રસ ધરાવતી બહારની વ્યક્તિ

(73) અનુદાનિત શાળાના કર્મચારીને ફરજ મોકૂફી પર ઉતાર્યા બાદ ચૂકવાતા નિર્વાહ ભથ્થા બાબતે કયો વિકલ્પ ખોટો છે ?

(A) પ્રથમ 6 માસ સુધી અડધા પગાર જેટલું નિર્વાહ ભથ્થું ચૂકવવું.

(B) 6 માસ બાદ તપાસ કાર્યવાહી કર્મચારીના કારણએ વિલંબ થાય તો નિર્વાહ ભથ્થામાં 50 % ઘટાડો કરવો.

(C) 6 માસ બાદ તપાસ કાર્યવાહીના વિલંબમાં મેનેજમેન્ટ જવાબદાર જણાય તો સંસ્થાની નિભાવ ગ્રાન્ટમાંથી કર્મચારીને પૂરો પગાર ચૂકવવો.

(D) 6 માસ બાદ કર્મચારી કસૂરવાર ઠરે તો કર્મચારીને ચૂકવાયેલ નિર્વાહ ભથ્થાની વસૂલાત કરવાની થાય.

(74) અનુદાનિત શાળાના પટાવાળાની ફરજ સંદર્ભે કયો વિકલ્પ ખોટો છે ?

(A) પટાવાળાને રાત્રે ચોકીદાર તરીકે ફરજ સોંપી શકાય નહીં.

(B) પટાવાળાએ શાળા સમય પહેલાં 1 કલાક અને શાળા સમય બાદ 1 કલાક ફરજ બજાવવાની છે.

(C) પટાવાળાને શાળા સમય દરમિયાન નાસ્તા વગેરે માટે કોઈ વિરામનો સમય મળશે નહીં.

(D) પટાવાળાને રાત્રે ચોકીદાર તરીકે ફરજ સોંપવામાં આવે ત્યારે દિવસ દરમિયાન ફરજમાંથી મુક્તિ આપવી.

(75) અનુદાનિત શાળાના તમામ કર્મચારીઓએ રજાનો હિસાબ કયા પરિશિષ્ટના નિયત નમૂનામાં રાખવું જોઈએ ?

(A) પરિશિષ્ટ - અ (B) પરિશિષ્ટ - 11 (C) પરિશિષ્ટ - બ (D) પરિશિષ્ટ - 14

(76) શાળાના મકાનભાડાની ચૂકવણી અર્થે વ્યાજબી ભાડાનું પ્રમાણપત્ર કોની પાસેથી લેવામાં આવે છે ?

(A) સમગ્ર શિક્ષા

(B) કાર્યપાલક જિનેર, માર્ગ અને મકાન વિભાગ

(C) જિલ્લા શિક્ષણાધિકારી

(D) મકાન બાંધકામ ખર્ચના આધારે શાળા મંડળના પ્રમુખ આપે છે.

(77) નિવાસી સંસ્થાઓ / છાત્રાલયોના સંદર્ભમાં કયો વિકલ્પ ખોટો છે ?

(A) માંસાહારી છાત્રો માટે રસોઈ/ભોજનની અલગ વ્યવસ્થાની છૂટ આપીશકાય નહિ.

(B) બિનકોમવાદી ધોરણે ચલાવવા પડશે.

(C) છાત્રાલયોને સમૂહ જીવન કેન્દ્રો તરીકે ચલાવવા જોઈ.

(D) ગૃહપતિ છાત્રાલયમાં નિવાસ કરતા હોવા જોઈએ.

(78) ઉત્તર બુનિયાદી શાળાઓ પાસે જો સિંચાઈની સગવડતા ન હોય તો કેટલી જમીન જોઈએ ?

(A) 7.5 એકર (B) 10 એકર

(C) 12 એકર (D) 15 એકર

(79) અનુદાનિત શાળાઓ માટે ભાડાના મકાનમાં બેસતી શાળાઓ માટે મકાન ભાડાનો માન્ય ખર્ચ કેટલો ગણવામાં આવશે ?

(A) ખરેખર ચૂકવેલ ભાડું

(B) કાર્યપાલક ઇજનેર દ્વારા પ્રમાણિત કરેલ ભાડું

(C) ઉપરોક્ત A અને B પૈકી વધુ હોય તે

(D) ઉપરોક્ત A અને B પૈકી ઓછું હોય તે

(80) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વર્ગની સંખ્યા તથામળવાપાત્ર વાર્ષિક નિભાવ ગ્રાન્ટ પૈકી કયો વિકલ્પ ખોટો છે ?

(A) 4 વર્ગ - રૂા. 1,48,000/- (B) 9 વર્ગ - રૂા. 2,70,000/-

(C) 22 વર્ગ - રૂા. 6,60,000/- (D) 33 વર્ગ - રૂા. 6,53,000/-

(81) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં વર્ગદીઠ નિભાવ ગ્રાન્ટ સુધારેલ ધોરણ કઈ તારીખથી અમલમાં આવ્યું ?

(A) તા. 23-10-2017 (B) તા. 30-08-2017

(C) તા. 01-11-2017 (D) તા. 06-07-2013

(82) શિક્ષણ વિભાગના તા. 27-09-2022 ના ઠરાવ મુજબ વર્ગ વધારા-ઘટાડા તથા ગ્રાન્ટ કાપની સુચનાઓ કયા વષ/ સમયગાળા માટે અમલી બનાવેલ હતી ?

(A) શૈ. વર્ષ 2021 - 22 (B) શૈ. વર્ષ 2022 - 23

(C) શૈ. વર્ષ 2020 - 21 (D) શૈ. વર્ષ 2020 - 21 અને 2021 - 22

(83) શિક્ષણ વિભાગના કઈ તારીખના ઠરાવથી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં પરિણામ આધારિત ગ્રાન્ટ ફાળવણી અંગેનો ઠરાવ રદ કરવામાં આવ્યો.

(A) તા. 23-10-2017
(B) તા. 24-08-2023
(C) તા. 01-04-2023
(D) તા. 31-05-2023

(84) અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતી કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ આપવા બાબતનો ફી માફીનો શિક્ષણ વિભાગનો ઠરાવ કઈ તારીખે થયેલ છે ?

(A) તા. 10-04-2017
(B) તા. 26-07-2017
(C) તા. 23-10-2017
(D) તા. 01-04-2017

(85) અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં ધોરણ 9 થી 12 માં અભ્યાસ કરતી કન્યાઓને વિના મૂલ્યે શિક્ષણ પૂરું પાડવાની યોજના ક્યારથી લાગુ પાડવામાં આવી.

(A) ઠરાવની તારીખથી
(B) નાણાકીય વર્ષની શરૂઆતથી
(C) જૂન 2017 થી
(D) તા. 01-04-2017 થી

(86) અનુદાનિત શાળાઓને મકાનભાડા ઈતર ખર્ચના વિકલ્પો ફી લેવા માટે વિકલ્પ આપવાની જોગવાઈમાં કયો વિકલ્પ ખોટો છે ?

(A) ચાલુ ગ્રાન્ટવાળી શાળાઓએ ઠરાવની તારીખથી ત્રણ મહિનામાં સંબંધિત DEO શ્રી ને વિકલ્પ આપવાનો રહેશે.
(B) ઈતર ખર્ચ તથા મકાન ભાડું / નિભાવ ખર્ચનું ઓડીટ કરાવવામાંથી મુક્તિ મળે છે.
(C) વિકલ્પ આપ્યાબાદ કોઈ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ.
(D) ફી વિકલ્પ સ્વીકાર્યા બાદ શાળાને લાઈટબિલની ગ્રાન્ટ મળવાપાત્ર છે.

(87) અનુદાનિત શાળાઓએ ફી વિકલ્પ જોગવાઈમાં ધોરણ પ્રમાણે પ્રતિ વિદ્યાર્થી લેવાપાત્ર ફી ના નીચેના વિકલ્પો પૈકી કયો વિકલ્પ ખોટો છે ?

(A) ધોરણ 9 - રૂા. 60/-
(B) ધોરણ 10 - રૂા. 70/-
(C) ધોરણ 11 રૂા. 80/-
(D) ધોરણ 12 - રૂા. 90/-

(88) કર્મચારીના 10 % ફાળાની કપાત માટે શાની ગણતરી કરવામાં આવે છે ?

(A) મૂળ પગાર + મોંઘવારી
(B) મૂળ પગાર + ગ્રેડ પે
(C) ગ્રેડ પે + મોંઘવારી
(D) મૂળ પગાર + TA

(89) કર્મચારી સેવામાં દાખલ થયા બાદ સ્તર-1 ની 10 % કપાત ક્યારથી કરવાની થાય ?

(A) કર્મચારી નોકરીમાં હાજર થાય તે પ્રથમ દિવસથી જ
(B) કર્મચારી નોકરીમાં હાજર થાય તેમાસ પછીના માસથી
(C) કર્મચારી નોકરીમાં હાજર થાય તે પછીના નાણાંકીય વર્ષથી
(D) કર્મચારી લેખિત રજૂઆત આપે તે તારીખથી

(90) ........... નંબર મેળવ્યા બાદ જ કર્મચારીના પગાર બિલમાંથી કપાત શરૂ કરવાની રહેશે.

(A) PAN (B) GPF (C) CPF (D) PRAN

(91) નવનિયુક્ત કર્મચારીઓને NPS હેઠળ આવરી લેવાની જવાબદારી કોની છે ?

(A) ઉપાડ અને ચૂકવણી અધિકારી (B) કચેરીના વડા

(C) ખાતાના વડા (D) વિભાગના વડા

(92) કાયમી પેન્શન ખાતા નંબર કેટલા આંકડાનો હોય છે ?

(A) 13 આંકડા (B) 14 આંકડા (C) 15 આંકડા (D) 16 આંકડા

(93) કાયમી પેન્શન ખાતા નંબર સંદર્ભમાં કયો વિકલ્પ ખોટો છે ?

(A) કર્મચારીની સેવા દરમિયાન એક જ રહે છે.

(B) કર્મચારીની સેવા પોથીમાં તેની નોંધ કરવાની હોય છે.

(C) કર્મચારીનો સંવર્ગ બદલાય ત્યારે આ નંબર નવેસરથી મેળવવો પડે.

(D) પગાર પત્રક રજીસ્ટરમાં પણ તેની નોંધ કરવાની રહેશે.

(94) NPS કપાતની રકમ કોના હસ્તક હોય છે ?

(A) નાણાં વિભાગ (B) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક

(C) જિલ્લા તિજોરી કચેરી (D) સેન્ટ્રલાઇઝ્ડ રેગ્યુલેટરી ઓથોરેટી

(95) પ્રથમ નિમણૂક બાદ PRAN મેળવવા કર્મચારીએ કયા પરિશિષ્ટમાં વિગતો રજૂ કરવાની થાય ?

(A) પરિશિષ્ટ - અ (B) પરિશિષ્ટ - 1

(C) પરિશિષ્ટ - બ (D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહિ.

(96) NPS કપાત બદલે કયો વિકલ્પ સાચો છે ?

(A) કોઈ પણ સમયે બંધ કરી શકાય છે. (B) 10 % માંથી કપાત ઘટાડીશકાય છે.

(C) 20 % સુધી કપાત વધારી શકાય છે. (D) 10 % કપાત ફરજીયાત કરાવવી પડે.

(97) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા કયા વર્ષથી વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન કરવામાં આવેલ છે ?

(A) 2021 - 22 (B) 2022 - 23 (C) 2023 - 24 (D) 2024 - 25

(98) ઓનલાઈન વાર્ષિક નિરીક્ષણ અહેવાલ માટે શાળાએ વેબસાઇડમાં લોગીન થવા માટે લોગીન આઈડી તરીકે શેનો ઉપયોગ કરવાનો હોય છે ?

(A) શાળાનો ડાયસ કોડ (B) શાળાનો ઇન્ડેક્ષ નંબર (C) શાળાનો ડી.પી. કોડ (D) શાળાનું નામ

(99) શાળાના ઓડીટ અન્વયે ઈતર ખર્ચ કરેલ નીચે પૈકી કયું ખર્ચ શિક્ષણ વિભાગના તા. 02-07-1999 ના ઠરાવની જોગવાઈ મુજબ માન્ય ગણાય ?

(A) સ્કાઉટીંગ અને ગાઇન્ડીંગ (B) ટપાલ ખર્ચ

(C) પ્રવાસ ભથ્થું (D) ઉપરોક્ત તમામ

(100) નીચે પૈકી કયું ઈતર ખર્ચ શાળા ઓડીટ અંતર્ગત અમાન્ય ગણાય ?

(A) તબીબી ખર્ચ (B) મકાન ભાડું (C) કાર્યનુભવ (D) ટેલિફોન ખર્ચ

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

SEAL SEAL SEAL SEAL
PAPER-2

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.